# વાર્ષિક અહેવાલ

# 2024-25



## અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

Email: office.dec@vnsgu.ac.in

Website: https://www.vnsgu.ac.in/departments/economics/index.html

# અનુક્રમણિકા

About Veer Narmad South Gujarat University (VNSGU): 2
Message from honorable Vice Chancellor 3
Message from honorable Registrar 3
Teaching Faculty 4
અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ 2024-25 માં યોજાયેલા કાર્યક્રમો 5

1) વિશ્વ વસ્તી દિવસની ઉજવણી: 5
2) ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી: 7
3) ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન: 9
4) CMIE ડેટાના ઉપયોગ અંગે એક દિવસીય કાર્યશાળા: 10
5) બજેટ ચર્ચા )Post Budget Discussion- 2024): 11
6) મેન્ડલી સોફ્ટવેર પર કાર્યશાળા: 14
7) જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડ ઉત્સવ: 15
8) ZOTERO સોફ્ટવેર પર કાર્યશાળા: 16
9) શિક્ષક દિવસની ઉજવણી: 18
10) Review of Literature Using AI પર એક દિવસીય કાર્યશાળા: 19
11) સ્વાગત સમારંભ )Fresher Party): 21
12) ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમ: 22
13) 51માં યુવા મહોત્સવ સંદર્ભે કાર્યક્રમ: 23
14) 51માં યુવા મહોત્સવ અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન: 25
15) અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અશોક વૃક્ષનું રોપણ: 27
16) ડૉ .મનમોહનસિંહ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ: 28
17) સરસ્વતી પૂજન દ્વારા નવા વર્ષની ઉજવણી: 30
18) સ્માર્ટ ઇન્વેસ્ટર અવેરનેસ કાર્યક્રમ: 31
19) જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી: 32
20) વિભાગીય રમતોત્સવની ઉજવણી )Sport Day Celebration): 35
21) વાર્ષિક અહેવાલ 2024-25 નો સારાંશ: 36

## About Veer Narmad South Gujarat University (VNSGU):

The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.

Veer Narmad South Gujarat University has endeavored to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi-urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, re-accredited ‘B++’ grade with 2.86 CGPA on 4 Points scale by the National Accreditation and Assessment Council in 2022, is also accredited with ‘A’ grade with 3.02 CGPA in 2017. The university was originally established under the South Gujarat University Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23 May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadashankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts.

## Introduction of the Department of Economics:

The Department is one of the premier institutes of the South Gujarat offering the PG and Research degrees in Economics. The PG curriculum remains updated regularly with the inclusion of the intra-disciplinary papers like Accountancy, Agri-Business, Research Methodology, Computer Applications in Economics Analysis and Indian Political System as part of the course. The department has completed over 40 research projects to date. Over 125 research students have been awarded Ph.D. and M.Phil. Degrees. The faculty of the department is involved in the research related to the cross-section and time-series data. The department has also initiated the publications of working papers in the department. To now 7 working papers have been published. This apart, Capacity building workshops and seminars for the students and the teachers in the affiliated colleges have been a regular feature for the department. Needless to say that the beneficiaries have been the students belonging to the first generation and also the teachers in the affiliated colleges.

### Vision of the Department of Economics:

To be an institute of Excellence in the learning and teaching of Economics through its Academics and Research.

### Mission of the Department of Economics:

In pursuance of its vision the mission is to enhance research and training capabilities among the scholars and teaching fraternity. This to be done through capacity building efforts by organizing seminars, workshops and conferences apart from collaborative efforts with reputed institutions.

## Message from honorable Vice Chancellor



Dr. Kishorsinh N. Chavda
Vice Chancellor

અર્થશાસ્ત્ર વિભાગના વાર્ષિક અહેવાલ 2024-25 ના પ્રસ્તુતી માટે હું આનંદની લાગણી અનુભવું છું. વાર્ષિક અહેવાલ 2024-25 અર્થશાસ્ત્ર વિભાગનું એવું પ્લેટફોર્મ છે, જ્યાં વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણ વર્ષ દરમિયાન કરવામાં આવેલી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક, પર્યાવરણીય જેવી વિવિધ પ્રવૃત્તિઓને પ્રદર્શિત કરવામાં આવી છે. હું અર્થશાસ્ત્ર વિભાગની સમગ્ર ટીમને તેમની મહેનત અને સમર્પણ માટે હાર્દિક અભિનંદન પાઠવું છું, જેમણે આ અહેવાલને આકાર આપ્યો છે.

વધુંમા, હું તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ અહેવાલના દરેક કર્યક્રમરૂપી શૃખલાના મણકા સમાન કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરું છું, જેથી તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું યથાર્થ પ્રતિનિધિત્વ કરી શકે. હું આશા રાખું છું કે તે પ્રેરણાનો સ્ત્રોત બનશે અને આપણી વિશ્વવિદ્યાલય, ખાસ કરીને અર્થશાસ્ત્ર વિભાગની જીવંત અને ગતિશીલ સંસ્કૃતિનું પ્રતિબિંબ રહેશે. હું તેમાં કરાયેલ યોગદાન વાંચવા માટે આતુર છું અને આશા રાખું છું કે આ અહેવાલ આવતા વર્ષે વધુ વિકસશે અને સમૃદ્ધ બનશે.

## Message from honorable Registrar



Dr. Rameshdan C. Gadhvi
Registrar

હું આનંદ અનુભવું છું કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગનો વાર્ષિક અહેવાલ 2024-25 પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અહેવાલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના વિભાગીય અને વિશ્વવિદ્યાલયના વિવિધ ક્ષેત્રોમાં થયેલી નોંધપાત્ર સિદ્ધિઓ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરવાનો છે. આ અહેવાલમાં વિભાગ દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સંશોધન અને ક્રીડા પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અર્થશાસ્ત્ર વિભાગ એક જીવંત અને સમૃદ્ધ શૈક્ષણિક પર્યાવરણ ઉભું કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ અહેવાલ અર્થશાસ્ત્ર વિભાગની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી સમાજને પ્રસ્તુત કરે છે, જે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે અને સંસ્થામાં સમૂહભાવ મજબૂત બનાવે છે. હું તમામ વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને સ્ટાફ સભ્યોને આ અહેવાલમાં સક્રિય રીતે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરું છું. અંતમાં, હું સંપૂર્ણ વિભાગ અને ખાસ કરીને વિભાગીય અધ્યક્ષને હાર્દિક અભિનંદન પાઠવું છુ.

## Teaching Faculty



**Dr. Gaurang D. Rami**

Professor & Head



**Dr. Yogesh N. Vansiya**

Assistant Professor



**Dr. Manish R. Patel**

Assistant Professor



**Dr. Dilipbhai M. Chaudhari**

Temporary Assistant Professor




**Mr. Merabhai K. Jamod**

Temporary Assistant Professor



**Vaishali J. Kharva**

Temporary Assistant Professor



**Smitaben A. Naik**

Temporary Assistant Professor



**Urvishaben J. Mataliya**

Temporary Assistant Professor



**Dr. Amitbhai A. Valvi**

Temporary Assistant Professor



**Dr.Ankita P. Nadiyadara**

Temporary Assistant Professor

# અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ 2024-25 માં યોજાયેલા કાર્યક્રમો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વર્ષ 2024-25 દરમિયાન વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સંશોધન આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં વૃક્ષારોપણ, શૈક્ષણિક વર્કશોપ, આર્થિક જાગૃતિ કાર્યક્રમો, સાંસ્કૃતિક અને સામાજિક ઉજવણીઓનો સમાવેશ થાય છે. નીચે તારીખ અનુસાર દરેક કાર્યક્રમોની વિગત આપવામાં આવી છે:

## 1) વિશ્વ વસ્તી દિવસની ઉજવણી:

દિનાંક 11-07-2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં "વિશ્વ વસ્તી દિવસ" નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, જે વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીના માર્ગદર્શન હેઠળ યોજાયું.

**આયોજિત સ્પર્ધાઓ:**

- પોસ્ટર મેકિંગ સ્પર્ધા – વિજેતાઓ:
  1. પ્રથમ: અંકિતા જીંજાળા
  2. દ્વિતીય: કિંજલ કલસરિયા
  3. તૃતીય: પ્રાંજલ બેલાડીયા અને ધ્રુવીશા ગુર્જર (સંયુક્ત વિજેતા)
- નિબંધ સ્પર્ધા – વિજેતાઓ:
  1. પ્રથમ: યશસ્વી પટેલ
  2. દ્વિતીય: ધ્રુવીશા ગુર્જર
  3. તૃતીય: અંકિતા જીંજાળા
- વક્તૃત્વ સ્પર્ધા – વિજેતાઓ:
  1. પ્રથમ: યશસ્વી પટેલ
  2. દ્વિતીય: આરતી હીરપરા
  3. તૃતીય: સ્નેહિલ મકવાણા

**કાર્યક્રમની વિશેષતાઓ:**

- વિદ્યાર્થીઓએ "વિશ્વ વસ્તી દિવસ" થી જોડાયેલા વિષયોને સજાગપણે રજૂ કર્યા હતા.
- વિભાગના અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓએ સફળ સંચાલન કર્યું હતુ.
- વિજેતા અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા પાઠવવામા આવી હતી.

- આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં વસ્તી પ્રશ્ન અને તેના નિરાકરણ અંગે જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો.






## 2) ગુરુપૂર્ણિમા દિવસની ઉજવણી :

દિનાંક 19/07/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં ગુરુપૂર્ણિમા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. એમ.એ. સેમેસ્ટર-1 અને 3 ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનોના સન્માન માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતુ.

**કાર્યક્રમની વિશેષતાઓ:**

- દીપ-પ્રાગટ્ય દ્વારા પરંપરાગત પ્રારંભ
- વિભાગ અધ્યક્ષ અને અધ્યાપકોનું પુષ્પ અર્પણ દ્વારા સન્માન
- વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામીએ ગુરુ-શિષ્ય પરંપરાના ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા
- વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ તત્વ પર વક્તવ્ય અને મંતવ્ય રજૂ કરવામા આવ્યુ
- વિભાગના વહીવટી કર્મચારીઓને પણ સન્માન અપાયું

**વિશેષતાઓ:**

- વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામીએ ગુરુની વ્યાખ્યા સમજાવી કે શીખવા માટે જીવ-નિર્જીવ બધું જ ગુરુ બની શકે
- વિદ્યાર્થીઓએ ગુરુ અને શિષ્યના સંબંધ અંગે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો
- વિદ્યાર્થી સ્નેહિલ મકવાણાએ આભારવિધિ કરી અને કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી
- કાર્યક્રમનું સફળ સંચાલન એમ.એ. સેમેસ્ટર-3 ના વિદ્યાર્થીઓ દ્વારા થયું

આ કાર્યક્રમ દ્વારા ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને શિક્ષણના મહત્ત્વને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.







### 3) ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન:

દિનાંક 19/07/2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં ગૌરી વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં સેમેસ્ટર-1 અને 3 ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**વિજેતાઓ:**

1. પ્રથમ ક્રમ: ઝીંઝાલા અંકિતા (સેમેસ્ટર-3)
2. દ્વિતીય ક્રમ: સોદવડીયા વંદના અને બેલાડીયા પ્રાંજલ
3. તૃતીય ક્રમ: પઠાણ સબીના અને શૈખ સનાબાનુ (સેમેસ્ટર-1)

**વિશેષતાઓ:**

- વિદ્યાર્થીઓએ તેમની સર્જનાત્મકતા અને મહેંદી કળાને પ્રદર્શિત કરી.
- નિર્ણાયક તરીકે સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપિકા ડૉ. મોસમ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા.
- વિજેતાઓને વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં કલા અને સાંસ્કૃતિક ચેતનાનો વિકાસ કરવાની સાથે, પરંપરાગત ઉજવણીમાં ઉમંગ ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.



### 4) CMIE ડેટાના ઉપયોગ અંગે એક દિવસીય કાર્યશાળા:

દિનાંક 30/07/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ અને મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા Centre for Monitoring Indian Economy (CMIE) Data ના ઉપયોગ અંગે એક દિવસીય કાર્યશાળા યોજાઈ. કાર્યક્રમના મુખ્ય અતિથી આદરણીય કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને આદરણીય કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી રહ્યા, જ્યારે મુખ્ય વક્તા તરીકે શ્રી દિનેશ પંજાબી (Assistant Vice President, CMIE Pvt. Ltd.) ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું સંચાલન વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામી અને ડૉ. યોગેશ વાંસિયા દ્વારા કરવામાં આવ્યું.

**કાર્યશાળાના મુખ્ય મુદ્દા:**

- CMIE ના Economic Outlook, States of India Outlook, Industry Outlook, Prowess for Interactive Querying મોડ્યુલની ઉપયોગિતા અંગે વિસ્તૃત માર્ગદર્શન.
- સંશોધકો અને વિદ્યાર્થીઓને CMIE ડેટાના મહત્વ વિશે પ્રેક્ટીકલ દ્રષ્ટિએ સમજણ આપવામા આવી.
- વિશ્વવિદ્યાલય દ્વારા 2024-25 માટે CMIE ના મુખ્ય ચાર મોડ્યુલનું લવાજમ ભરાયું, જેથી સંશોધકો અને અધ્યાપકો સરળતાથી આંકડાકીય માહિતી મેળવી શકે.
- પ્રથમ સત્રમાં અધ્યાપકો અને સંશોધકગણ, જ્યારે બીજા સત્રમાં વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી.

પ્રસ્તુત કાર્યક્રમમા ૬૦ થી વધુ અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કાર્યશાળાના અંતે ડૉ. પારુલ પટેલ દ્વારા આભારવિધિ કરવામા આવી, અને વિશ્વવિદ્યાલય પ્રશાસને ભવિષ્યમાં પણ આવાં કાર્યક્રમો યોજવા માટે પ્રોત્સાહન આપ્યું.





### 5) બજેટ ચર્ચા (Post Budget Discussion- 2024):

દિનાંક 06/08/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા "Post Budget Discussion Program" નું આયોજન વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું.

**ચર્ચાના મુખ્ય મુદ્દાઓ:**

23/07/2024 ના રોજ રજુ થયેલ બજેટની 9 પ્રાથમિક બાબતો

- ખેતીમાં ઉત્પાદકતા અને સ્થિરતા
- રોજગાર અને કુશળતા વિકાસ
- સામાજિક ન્યાય અને માનવ સંસાધન વિકાસ

- ઉત્પાદકતા અને સેવાઓ
- શહેરી વિકાસ
- ઊર્જા સુરક્ષા
- બાંધકામ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ
- સંશોધન અને નવીનીકરણ
- આગળની પેઢીની આર્થિક સુધારાઓ

**વિદ્યાર્થીઓની ઉલ્લેખનીય સહ્ભાગિતા:**

- એમ.એ. સેમેસ્ટર-1 અને 3ના વિદ્યાર્થીઓ જેમ કે સ્નેહિલ મકવાણા, રોશન રાઉત, હિરપરા આરતી, મિત ચોટલીયા, અનન્યા દેસાણી, સના શૈખ, ભરત કડાવાલા, ભાવેશ ગુપ્તા, વૈદેહી ભોજક વગેરેએ બજેટના હકારાત્મક અને નકારાત્મક પાસાઓ અંગે પોતાનો અભિપ્રાય રજૂ કર્યો.
- આવક અને ખર્ચના તંત્ર, કૃષિ, શિક્ષણ, આરોગ્ય અને વિકાસ યોજનાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

**કાર્યક્રમની વિશેષતા:**

- બજેટ વિષયક જાગૃતિ અને માહિતી આપવાનો મુખ્ય હેતુ.
- 124 થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા.
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી અને અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ આર્થિક નીતિઓ અને બજેટ પદ્ધતિઓ અંગે પોતાની સમજણ વધારી અને હાલની નાણાકીય સ્થિતિ પર ચર્ચા કરવાની તક મેળવી.


DEPARTMENT OF
ECONOMICS
VNSGU




GPS Map Camera
Surat, Gujarat, India
5Q3P+X6J, Surat, Gujarat 395007, India
Lat 21.155332°
Long 72.785497°
06/08/24 01:20 PM GMT +05:30
Google


Budget 2024-25

## 6) મેન્ડલી સોફ્ટવેર પર કાર્યશાળા :

દિનાંક 23/08/2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ કોલેજના સંયુક્ત ઉપક્રમે "MENDELEY" સંદર્ભ વ્યવસ્થાપન સોફ્ટવેર પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ.

**મુખ્ય અતિથિઓ અને વક્તાઓ:**

- વિભાગીય અધ્યક્ષ: ડૉ. ગૌરાંગ રામી
- મુખ્ય વક્તા: ડૉ. ગૌતમ દુઆ (અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ કોલેજ)
- કો-ઓર્ડીનેટર: ડૉ. મનીષ આર. પટેલ અને ડૉ. તૃપ્તિબેન વાંસિયા
- સંચાલક: ડૉ. યોગેશ એન. વાંસિયા

**કાર્યશાળાના મુખ્ય મુદ્દાઓ:**

- MENDELEY સોફ્ટવેરનો પરિચય અને ઉપયોગ
- સંદર્ભ વ્યવસ્થાપન માટે અન્ય સાધનો (ZOTERO, Typeset.io) અંગે માહિતી
- સંદર્ભો ઉમેરવા, સંશોધન પત્ર તૈયાર કરવા અને Citation (અવતરણ) અંગે માર્ગદર્શન
- સોફ્ટવેરના પ્રેક્ટીકલ ઉપયોગ કરવા અંગે તાલીમ
- વિદ્યાર્થીઓ અને સંશોધકો દ્વારા કરવામા આવેલા પ્રશ્નોના સંતોશકારક ઉકેલ

**વિશેષતાઓ:**

- 60 થી વધુ સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.
- વિશ્વવિદ્યાલય અને સંશોધન ક્ષેત્રે Citation Management Tools ની ઉપયોગિતા પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

આ કાર્યશાળાના માધ્યમથી સંશોધકો અને વિદ્યાર્થીઓએ સંદર્ભ વ્યવસ્થાપન પ્રક્રિયાની સરળ રીતે તાલીમ મેળવી











### 7) જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડ ઉત્સવ :

તારીખ 23-08-2024 નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા એમ.એ. નાં વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીનાં પાવન અવસરે મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડો.ગૌરાંગ રામી, અધ્યાપક ડો. યોગેશ એન. વાંસિયા અને ડૉ મનીષ આર. પટેલ, અન્ય અધ્યાપકો તેમજ વહીવટી કર્મચારીઓ તથા એમ.એ. સેમેસ્ટર-1 અને સેમેસ્ટર 3 નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબ દ્વારા સૌને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામા આવી હતી.



### 8) ZOTERO સોફ્ટવેર પર કાર્યશાળા:

દિનાંક 30/08/2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગ ના સંયુક્ત ઉપક્રમે "ZOTERO" સંદર્ભ વ્યવસ્થાપન ટૂલ પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ.

**કાર્યશાળાનો હેતુ:**

આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય સંશોધકો અને વિદ્યાર્થીઓને સંદર્ભ સૂચી (Referencing) તૈયાર કરવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે "ZOTERO" સોફ્ટવેરના ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરુ પાડવાનો હતો.

**પ્રમુખ અતિથિઓ અને વક્તાઓ:**

- આદરણીય કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી
- માનવ સંસાધન વિભાગના વડા ડૉ. ડી. જી. ઠાકોર
- મુખ્ય વક્તા ડૉ. ભાવેશ વાનપરીયા (માનવ સંસાધન વિકાસ વિભાગ)
- કાર્યશાળા સંચાલક: ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલ

**કાર્યશાળાના મુખ્ય મુદ્દાઓ:**

- ZOTERO સોફ્ટવેરનું ઇન્સ્ટોલેશન અને ઉપયોગની પ્રેક્ટિકલ તાલીમ
- સંદર્ભો ઉમેરવા, મેનેજ કરવા અને ડુપ્લિકેટ રેકોર્ડ દૂર કરવાની પદ્ધતિઓ
- વિભિન્ન સંદર્ભ શૈલીઓ (AAA, APA, IEEE, MLA, OSCOLA, Vancouver વગેરે) અંગે ચર્ચા
- ZOTERO નો સંશોધન કાર્યમાં ઉપયોગ અને તેનો પ્રભાવ

**વિશિષ્ટતાઓ:**

- 94 થી વધુ સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો
- પ્રમાણપત્ર વિતરણ અને કાર્યશાળાના સફળ સંચાલન માટે પ્રોત્સાહન
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ અભિનંદન પાઠવ્યા

આ કાર્યશાળાના માધ્યમથી વિદ્યાર્થીઓ અને સંશોધકોને સઘન જ્ઞાન અને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી, જે સંશોધન કાર્યની ગુણવત્તા સુધારવામાં સહાયરૂપ થશે.







## 9) શિક્ષક દિવસની ઉજવણી:

દિનાંક 05/09/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા એકદિવસીય શિક્ષક તરીકે અભ્યાસક્રમનું બોધન કરવામાં આવ્યું, ત્યારબાદ શિક્ષકોના સન્માન માટે વિશેષ કાર્યક્રમ યોજાયો.

**કાર્યક્રમની રૂપરેખા:**

- ઉપસ્થિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત
- અધ્યાપકોનું સન્માન પુસ્તક અને પુષ્પ ભેટ આપી કરવામાં આવ્યું
- વિભાગ અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીએ શિક્ષક દિનના મહત્વ અને શિક્ષણની વ્યાખ્યા વિષે વક્તવ્ય રજુ કર્યું
- વિદ્યાર્થીઓએ એકદિવસીય શિક્ષક બનવાનો અનુભવ રજુ કર્યો
- આભારવિધિ એમ.એ. સેમેસ્ટર-3 ની વિદ્યાર્થીની યશસ્વી પટેલ દ્વારા આપવામાં આવી

આ અવસરે કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ શિક્ષક દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ શિક્ષણના મહત્ત્વને અનુભવી, તેમજ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.








## 10) Review of Literature Using AI પર એક દિવસીય કાર્યશાળા:

દિનાંક 10/09/2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને માનવ સંસાધન વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે "Review of Literature Using AI" વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ.

**કાર્યશાળાનો હેતુ:**

આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય સંશોધકો અને વિદ્યાર્થીઓને સાહિત્ય સમીક્ષા કરવાની પ્રક્રિયાને "AI" ટૂલ્સ દ્વારા સરળ અને અસરકારક બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

**મુખ્ય અતિથિઓ અને વક્તાઓ:**

- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા

- અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામી
- અધ્યાપક ડૉ. મનીષ આર. પટેલ અને ડૉ. યોગેશ એન. વાંસિયા
- મુખ્ય વક્તા ડૉ. ભાવેશ વાનપરીયા (માનવ સંસાધન વિકાસ વિભાગ)

**મુખ્ય મુદ્દાઓ:**

- સાહિત્ય સમીક્ષાનું મહત્વ અને "AI" ની ભૂમિકા
- AI-આધારિત ટૂલ્સ જેવા  કે Chat Doc, Humata AI, QuillBot AI, Chat PDF, Jenni AI, SciSpace, Explainpaper, Elicit, Wordtune, SpinBot વગેરે નો પ્રેક્ટીકલ ઉપયોગ
- Plagiarism અને AI Detection Tools (Copyleaks) અંગે માર્ગદર્શન

**કાર્યશાળાની વિશેષતાઓ:**

- ડૉ. ગૌરાંગ  રામી દ્વારા AI ના સકારાત્મક અને નકારાત્મક પાસાઓ અંગે ચર્ચા
- ડૉ. ભાવેશ વાનપરીયા દ્વારા AI ટૂલ્સનું પ્રેક્ટીકલ ડેમો
- કુલપતિ અને કુલસચિવ દ્વારા કાર્યશાળાની પ્રશંસા અને પ્રેરણા સંદેશ

કાર્યશાળામાં 60 થી વધુ સંશોધકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો. અંતે ડૉ. ગૌરાંગ  રામીએ તમામ મહેમાન અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કર્યો.







## 11) સ્વાગત સમારંભ (Fresher Party):

તારીખ 10/09/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા એમ.એ. સેમેસ્ટર-1 ના વિદ્યાર્થીઓ માટે સ્વાગત સમારંભનું આયોજન કરવામાં આવ્યું. સેમેસ્ટર-3 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નવપ્રવેશી વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું.

**કાર્યક્રમની રૂપરેખા:**

- દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત.
- વિભાગીય અધ્યક્ષ, અધ્યાપકો અને કર્મચારીઓનું પુષ્પ અને પુસ્તક આપી સન્માન.
- વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીનું વક્તવ્ય, જેમાં સ્વાગત સમારંભની પરંપરા જાળવવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.
- વિદ્યાર્થીઓની પ્રસ્તુતિઓ, જેમાં કવિતા, ગીત, આદિવાસી સમૂહ નૃત્ય અને કોમેડી નૃત્ય નો સમાવેશ.
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો.

આ સમારંભ દ્વારા નવા વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગિતા, સમૂહ ભાવના અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ લાવવા માટે અનુકૂળ માહોલ તૈયાર કરવામાં આવ્યો.






## 12) ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમ:

ગુજરાત સરકારના વિકાસ સપ્તાહ અંતર્ગત 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' કાર્યક્રમ યોજાયો, જેમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય વિકાસ માટે પ્રતિજ્ઞા લીધી. તારીખ 07 થી 15 ઓક્ટોબર દરમિયાન ગુજરાત સરકાર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતુ. તે અંતર્ગત તારીખ 08/10/2024 ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગનાં વડા ડૉ. ગૌરાંગ રામી, વિભાગનાં અન્ય અધ્યાપકગણ તથા વિભાગ ખાતે એમ.એ.સેમેસ્ટર-1 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જેમાં અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓ એમ કુલ 90 સભ્યો દ્વારા

પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.પ્રસ્તુત ભારત વિકાસ પ્રતિજ્ઞા કાર્યક્રમનાં આયોજન બદલ કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



## 13) 51માં યુવા મહોત્સવ સંદર્ભે કાર્યક્રમ:

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં 18/12/2024 થી 23/12/2024 દરમિયાન લોકમાતા અહિલ્યાબાઈ હોલકર 51મો યુવા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના ભાગરૂપે અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 9/12/2024 ના રોજ વકૃત્વ સ્પર્ધા અને ભારતીય સંસ્કૃતિક પહેરવેશ પ્રસ્તુતિ જેવા કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ. વકૃત્વ સ્પર્ધાના વિષયો રાણી અહિલ્યાબાઈ, બિરસા મુંડાની 150મી જન્મજયંતિ, નારી તું નારાયણી, ભારતીય કુટુંબ વ્યવસ્થા અને સાંસ્કૃતિક પહેરવેશ પર આધારિત હતા. આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, અને શ્રેષ્ઠ વક્તાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ એનાયત કરવામાં આવ્યા.

**વિજેતાઓ:**

- વકૃત્વ સ્પર્ધા (રાણી અહિલ્યાબાઈ વિષય) – યાદવ ધરતી (પ્રથમ), વસાવા પ્રકાશ (દ્વિતીય), ગામીત જાગૃતિ (તૃતીય).
- બિરસા મુંડા જન્મજયંતિ – વસાવા નેહા (પ્રથમ), વસાવા પ્રકાશ (દ્વિતીય).
- નારી તું નારાયણી – જાગૃતિ (પ્રથમ).

- ભારતીય કુટુંબ વ્યવસ્થા – વસાવા ભરતી (પ્રથમ).
- સાંસ્કૃતિક પહેરવેશ પ્રસ્તુતિ – ગામીત કરન અને વસાવા પ્રતિભા (પ્રથમ), કલસરિયા કિંજલ (દ્વિતીય), યાદવ ધરતી (તૃતીય).

આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ, ત્યારબાદ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર સ્પર્ધામાં એમ.એ. સેમેસ્ટર 2 અને 4 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતાઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.












## 14) 51માં યુવા મહોત્સવ અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન:

દિનાંક 18/12/2024 થી 23/12/2024, લોકમાતા અહિલ્યાબાઈ હોલકર 51મો યુવા મહોત્સવ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. દિનાંક 10/12/2024 ના રોજ વિદ્યાર્થીઓ માટે ક્વિઝ, પોસ્ટર મેકીંગ અને ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ.

**સ્પર્ધાઓ અને વિજેતાઓ:**

- ક્વિઝ સ્પર્ધા (ભારતીય બંધારણ પર આધારિત)
  વિજેતા ટીમ: વસાવા પ્રકાશ, ગામીત કરણ અને વળવી તુષાર (એમ.એ. સેમેસ્ટર-2)
- પોસ્ટર મેકિંગ (નાગરિક કર્તવ્ય અને મતદાન જાગૃતિ થીમ)
  વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ પર અસરકારક પોસ્ટર તૈયાર કર્યા
- ચિત્ર સ્પર્ધા (વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ)
  વિજેતા: મૈત્રી પટેલ (એમ.એ. સેમેસ્ટર-2)

આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા. આ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નાગરિક જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ અને શૈક્ષણિક ઊંડાણ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો.






## 15) અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અશોક વૃક્ષનું રોપણ:

દિનાંક 21/12/2024, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા લોકમાતા અહિલ્યાબાઈ હોલકર 51મો યુવા મહોત્સવના અવસરે 'અશોક વૃક્ષ' રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**કાર્યક્રમના મુખ્ય અતિથિઓ:**

- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા
- અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામી
- શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓની હાજરી

**વિશેષતાઓ:**

- વિશ્વવિદ્યાલય પરિસરમાં પર્યાવરણ જાળવણી અને હરિયાળી પ્રેરિત કરવાનો પ્રયાસ
- 'અશોક વૃક્ષ' નું ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ, જે રામાયણમાં 'અશોક વાટીકા' તરીકે પ્રખ્યાત છે.

આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ જાળવણી અને વૃક્ષારોપણ અંગેની જાગૃતિ લાવવા માટે સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો.



## 16) ડૉ .મનમોહનસિંહ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ :

દિનાંક 26/12/2024, પૂર્વ પ્રધાનમંત્રી અને મહાન અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહના દુઃખદ અવસાન નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

**કાર્યક્રમની વિશેષતાઓ:**

ડૉ. ગૌરાંગ  રામીએ ડૉ. મનમોહનસિંહના જીવન અને યોગદાન પર વક્તવ્ય આપ્યું હતું.

- **1991** ના આર્થિક સુધારાઓ, ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ, અને નાણાકીય નીતિઓની ચર્ચા કરવામાં આવી.
- તેમની શાંતિપૂર્ણ નેતૃત્વશૈલી અને ભારતની આર્થિક પ્રગતિ માટે કરેલા પ્રયાસોને યાદ કરવામાં આવ્યા.
- શ્રદ્ધાંજલિ રૂપે પુષ્પાંજલિ અને **2** મિનિટનું મૌન પાળી અભિવાદન અર્પણ કરવામાં આવ્યું.

**ઉપસ્થિત અગ્રણીઓ:**

- વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામી
- વિદ્યાર્થીઓ (એમ.એ. સેમેસ્ટર-2 અને 4), શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણ
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ શ્રદ્ધાંજલિ સંદેશ મોકલ્યો

આ કાર્યક્રમ દ્વારા ભારતના આર્થિક વિકાસમાં ડૉ. મનમોહનસિંહના અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમના વિઝન અને આદર્શોને સન્માનિત કરવામાં આવ્યા.




1932-2024


1932-2024


DEPARTMENT OF ECONOMICS
VNSGU

## 17) સરસ્વતી પૂજન દ્વારા નવા વર્ષની ઉજવણી:

દિનાંક 01/01/2025, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં નવા વર્ષની ઉજવણી નિમિત્તે સરસ્વતી પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિભાગીય અધ્યક્ષ, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ તથા એમ.એ. સેમેસ્ટર-2 અને 4 ના વિદ્યાર્થીઓ દ્વારા જ્ઞાન અને વિદ્યાની દેવી માતા સરસ્વતીની આરાધના સાથે નવા વર્ષની શુભ શરૂઆત કરવામાં આવી.

**કાર્યક્રમની વિશેષતાઓ:**

- માતા સરસ્વતી સમક્ષ દીપ-પ્રાગટ્ય અને પ્રાર્થના
- વિભાગીય અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામીનું પ્રેરણાત્મક વક્તવ્ય, જેમાં વિદ્યાર્થીઓને નવા વર્ષમાં શૈક્ષણિક અને વ્યક્તિગત પ્રગતિ માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું.
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવીએ પણ શુભેચ્છા સંદેશ પાઠવ્યો.

આ કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક અને આધ્યાત્મિક સંસ્કૃતિનુ  સંયોજન કરીને નવા વર્ષનો  પ્રારંભ ઉત્તેજનાત્મક માહોલમાં કરવામાં આવ્યો.






## 18) સ્માર્ટ ઇન્વેસ્ટર અવેરનેસ કાર્યક્રમ :

દિનાંક 20/01/2025, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં "સ્માર્ટ ઇન્વેસ્ટર અવેરનેસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જે વિશ્વવિદ્યાલયના 60 વર્ષની ઉજવણીના ભાગરૂપે Empirical F&M Academy દ્વારા યોજાયું.

**કાર્યક્રમના મુખ્ય અતિથિઓ:**

- મુખ્ય વક્તા: શ્રી નેહલ તપરીયા (Security Market Trainer, NISM Series 12 Certified)
- ઉપસ્થિત અધ્યાપક: ડૉ. દિલીપ ચૌધરી, ઉર્વીશાબેન માટલીયા
- વિભાગીય અધ્યક્ષ અને અન્ય શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ

**કાર્યક્રમના મુખ્ય મુદ્દાઓ:**

- નાણાકીય રોકાણ માટે ઉપલબ્ધ પ્લેટફોર્મ્સ (Groww, AngelOne) નો ઉપયોગ
- SEBI, NSE, BSE, EXCHANGES, MUTUAL FUNDS, SIP વગેરે માધ્યમો દ્વારા રોકાણ કેવી રીતે કરવું
- સ્ટોક એક્સચેન્જ અને નાણાકીય વ્યવહારની પારદર્શકતા
- વિદ્યાર્થીઓને "સ્માર્ટ ઈન્વેસ્ટર" બનવા માટે જરૂરી માહિતી અને માર્ગદર્શન

**વિશેષતાઓ:**

- એમ.એ. સેમેસ્ટર-2 અને 4 ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો
- વિદ્યાર્થીઓમા નાણાકીય સમજણ અને રોકાણ અંગેની જાગૃતિ વધારવાનો પ્રયાસ
- વિદ્યાર્થીઓએ બજેટ અને રોકાણ અંગે પ્રશ્નો પૂછ્યા અને નહેર તપરીયાએ પ્રતિક્રિયા આપી

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ નાણાકીય વિશ્વ અને રોકાણનાં આધુનિક ઉપાયો અંગે માહિતી મેળવી, જે ભવિષ્યમાં એક સફળ રોકાણકાર બનવા માટે મદદરૂપ થશે.






## 19) જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી :

દિનાંક 25/01/2025, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના 60 વર્ષ પૂર્ણ થતા અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે "જનજાતિ ગૌરવ દિવસ" ઉજવાયો.

**વિશિષ્ટ અતિથિઓ:**

- કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી
- અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામી
- બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભ્ય ડૉ. જયદીપ ચૌધરી
- વિશિષ્ટ અધ્યાપકો: ડૉ. મધુભાઈ ગાયકવાડ, ડૉ. દિલીપ જોશી, ડૉ. કૈલાસ પટેલ, ડૉ. દીપક ભોયે, ડૉ. શ્રીધર નિમાવત, ડૉ. મુકેશ વસવા, ડૉ. પરેશ જોશી

**ઉજવણીના મુખ્ય તત્વો:**

- ભગવાન બિરસા મુંડા અને દેવમોગરી માતાની આરતી તથા પરંપરાગત પ્રાર્થના
- અતિથિઓનું સન્માન વિશ્વવિદ્યાલય ખેસ, પુસ્તક અને પુષ્પગુચ્છ દ્વારા
- ડૉ. ગૌરાંગ  રામી દ્વારા "જનજાતિ ગૌરવ દિવસ" ની મહ્ત્વતા પર વક્તવ્ય
- કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા આદિવાસી સમુદાય સાથે અનુભવો અને શુભેચ્છા સંદેશ

**વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતિક પ્રસ્તુતિ:**

- આદિવાસી લોકગીત અને ડાંગી નૃત્ય
- આદિવાસી પરંપરાઓ અંગે વક્તવ્ય (માટલ્ય દેવ, ચૌરી અમાસ, ગામદેવીની પૂજા, હોલી-દિવાળી ઉજવણી, આદિવાસી લગ્નવિધિ અને રીવાજો)


**વિશેષ:**

- આયોજન ડૉ. મનિષ આર. પટેલ દ્વારા થયું
- આભારવિધિ એમ.એ. સેમેસ્ટર-2 ની વિદ્યાર્થીની યાદવ ધરતી દ્વારા રજૂ કરવામાં આવી
- કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ કાર્યક્રમની સફળતા પર શુભેચ્છા પાઠવી

આ કાર્યક્રમ દ્વારા આદિવાસી સંસ્કૃતિ અને વારસાને ઉજાગર કરીને સમાજમાં જાગૃતિ લાવવા માટે મહ્ત્વપૂર્ણ પ્રેરણા મળી.




VNSGU


VNSGU


VNSGU




VNSGU


DEPARTMENT OF ECONOMICS
VNSGU



## 20) વિભાગીય રમતોત્સવની ઉજવણી (Sport Day Celebration):

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 07-02-2025 ના રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. રમતોમાં ગોળાફેંક, ચક્રફેંક, દોડ, દોરડાકૂદ, બેડમિન્ટન, બરછી ફેંક અને ક્રિકેટનો સમાવેશ થયો. પ્રત્યેક રમતમાં વિજેતા માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપવામા આવ્યા હતા. 100 મીટર, 200 મીટર, 400 મીટર દોડ, બરછી ફેંક, ગોળાફેંક અને લાંબી કુદ જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ડૉ. યોગેશ એન. વાંસિયા અને ડૉ. મનીષ આર. પટેલએ માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ દરમિયાન કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવ ડૉ. આર.સી. ગઢવી અને અધ્યક્ષ ડૉ. ગૌરાંગ  રામીએ વિજેતાઓને શુભેચ્છા પાઠવી. આ ઉત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં તંદુરસ્તી, રમતગમત પ્રત્યે રુચિ અને સ્પર્ધાત્મકતા વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.






## 21) વાર્ષિક અહેવાલ 2024-25 નો સારાંશ:

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગે વર્ષ 2024-25 દરમિયાન શૈક્ષણિક, સંશોધનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. શૈક્ષણિક સત્રમાં વિવિધ સેમિનાર, કાર્યશાળાઓ અને સ્પર્ધાઓનું આયોજન થયું. CMIE ડેટાના ઉપયોગ, Zotero અને Mendeley સોફ્ટવેર અંગે તાલીમ આપવામાં આવી. AI આધારિત સાહિત્ય સમીક્ષા અને નાણાકીય જાગૃતિ માટે કાર્યક્રમો યોજાયા.

વિદ્યાર્થીઓ માટે ‘Post Budget Discussion’, ‘Smart Investor Awareness’ અને ‘India Development Pledge’ જેવા આર્થિક ચર્ચા કાર્યક્રમો આયોજિત કરાયા. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જન્માષ્ટમી મટકીફોડ, ગુરુપૂર્ણિમા અને સરસ્વતી પૂજન જેવા કાર્યક્રમો યોજાયા. ‘51માં યુવા મહોત્સવ’ અને ‘જનજાતિ ગૌરવ દિવસ’ ની ઉજવણી થઈ. વિભાગીય રમતોત્સવ દ્વારા સ્પર્ધાત્મકતા અને તંદુરસ્તી પ્રોત્સાહિત કરવામાં આવી. પર્યાવરણ જાળવણી માટે અશોક વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

આમ, આ વર્ષ દરમિયાન શૈક્ષણિક, સંશોધન અને સાંસ્કૃતિક વિકાસ માટે વિશેષ પ્રયાસો હાથ ધરાયા, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.




અર્થશાસ્ત્ર વિભાગ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી,

સુરત